રૂબરૂ.

ગુજરાત રાજયના મે.ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી,બહુમાળી ભવન-૨, ત્રીજોમાળ, ગુરૂકુળ પાસે, ડ્રાઇવઇન રોડ, અમદાવાદ

મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટોના અધિનિયમ ૧૯૫૦ ની કલમ (૪૧-એ) મુજબ કારણ દર્શાવતી નોટીસ.

જાવક નંબર: ૨૧૧૮ /૨૦૨૫
ચેરીટી કમિશ્નરશ્રીની કચેરી,
બહુમાળી ભવન-૨, ત્રીજોમાળ,
ગુરૂકુળ પાસે, ડ્રાઇવઇન રોડ,
અમદાવાદ - ૫૨
તારીખ: ૨૧/૦૧/૨૦૨૫

વિષય : ન્યાય પરચુ. અરજી નં.૦૫/૨૦૨૫
અમદાવાદ નશાબંધી મંડળ, અમદાવાદ
ટ્રસ્ટ નોંધણી નં. એફ/૭૦૪૮/અમદાવાદ

પ્રતિ,

(૧) શ્રી કાનજીભાઇ પરમારભાઇ વાઘેલા
રહે. એ/૪, અજીતાનગર, કારેલીબાગ, વડોદરા, પીન – ૩૯૦૦૧૮

(૨) શ્રી જીતેન્દ્રકુમાર ગોવિંદભાઇ અમીન
રહે. મું. પાંડવા, તા. બાલાશીનોર, જિ. મહીસાગર, પીન - ૩૮૮૨૬૫

ઉપર જણાવેલ ટ્રસ્ટ અંગે આ કચેરીમાં, સામાવાળાઓને સુચના આપવા એક પરચૂરણ અરજી તથા મનાઇ હુકમ મેળવવા અંગેની અરજી કરવામાં આવી છે. જે ઉપર જણાવેલ ન્યાયી પરચૂરણ અરજી નંબરથી દાખલ કરવામાં આવી છે. આ અરજીની તથા મનાઇ હુકમ અરજી આંક-૪ તથા અરજી સાથેના કાગળોની નકલ આ સાથે સામેલ છે.

સદર આંક-૪ ની મનાઇ અરજી પર તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ મે.ચેરીટી કમિશનર, ગુજરાત રાજ્ય,અમદાવાદનાએ નીચે મુજબનો હુકમ કરેલ છે.

## હુકમ

આજરોજ વિધવાન વકીલશ્રીને સાંભળ્યા, મુખ્યત્વે રજુઆત છે કે ન્યાય પરચુરણ અરજી હુકમનું અપાલન કરવાની સાથે ટ્રસ્ટ કાર્યાલય પી.ટી.આર બંધારણમાં નોંધાયેલ સરનામા સિવાય અન્યત્ર બોલાવી પ્રમુખ અન્યને જાહેર કરી, એજન્ડા કાઢી, કાર્યવાહી કરવા જઇ રહેલા છે. જેથી કાર્યવાહક સમિતી નોંધાયેલ કાર્યલય સ્થળ સિવાય અન્યત્ર મીટીંગ બોલાવવા નિર્ણય કરે તેવો કોઇ નિર્ણય થયો નથી. આથી વચગાળામાં માંગ્યા મુજબની દાદ આપવા વિ. રજુઆતો કરેલ છે. તદઉપરાંત પ્રમુખ સંબંધી જે કામગીરી થવાના બદલે અન્યને પ્રમુખ જણાવી, અન્ય જગ્યાએ મીટીંગ બોલાવવી વિ. વિવાદો ઉભા કરશે તેથી દાદ આપવા મંગણી છે.

ઉપર મુજબની વિગત રજુઆત પરત્વે ધ્યાન દોરેલ તે મુજબ પી.ટી.આરમાં તથા બંધારણમાં જે કાર્યાલય નોંધાયેલ છે. તે સ્થળે મીટીંગ બોલાવવા સુચના થયેલી જોગવાઇઓના અમલ પાલન સારૂ આપવામાં આવે છે. વધુમાં જે કોઇ કામગીરી હાથ ધરાશે તે સદર અરજીના નિર્ણયને આધીન ગણાશે તે સ્પષ્ટતા સાથે સા.વા.ઓને ઉપરોકત સુચના સાથે નોટીસ કાઢવા હુકમ કરવામાં આવે છે. પ્રો. નકલો રજુ કર્યેથી સા.વા.ઓને સુનાવણી અર્થે નોટીસ મુ.તા. ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ ૧૨.૩૦ કલાકે અત્રે કચેરીએ નિયત કરવામાં આવે છે. તે સહીત જાણ કરવી. હુકમ જાણ હાજર પક્ષકાર વકીલશ્રીના વંચાણે લેવડાવી સહી મેળવવી.

સ્થળ:- અમદાવાદ

તારીખ : ૨૧/૦૧/૨૦૨૫

સહી/-
(આર.વી.વ્યાસ)
ચેરીટી કમિશનર
ગુજરાત રાજ્ય, અમદાવાદ.

CamScanner

આ અરજીમાં દર્શાવ્યા પ્રમાણેની સુચનાઓ આપને કેમ ન આપવી? તે અંગે તથા મનાઇ હુકમની અરજી અંગે આપને જે કાંઇ લેખિત વાંધા અગર ખુલાસાઓ રજુ કરવા હોય તો તે આ કચેરીમાં તા૧૦/૦૨/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે અગર તે પહેલા અચુક રજુ કરશો.

વધુમાં જણાવવાનું કે, આ અરજીની તથા મનાઇ હુકમની અરજીની સુનાવણી મે.ચેરિટી કમિશનરશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ સમક્ષ તા.૧૦/૦૨/૨૦૨૫ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે આ કચેરીમાં રાખવામાં આવી હોઇ, આ સુનાવણીની તારીખે અને સમયે અત્રેની કચેરીમાં જાતે અથવા આપના વકીલ મારફતે અચુક હાજર રહેશો.

જો તેમ કરવાનું ચુકશો તો આ બાબતે આપને કોઇ રજુઆત કરવાની નથી તેમ સમજી આપની ગેરહાજરીમાં આ કામ આગળ ચલાવવામાં આવશે. અને ન્યાયની રાહે જરૂરી જણાય તેવા આદેશો પસાર કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તા. ૨૨/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીના સિકકા હેઠળ આપી.

CHARITY COMMISSIONER GUJARAT STATE

રજીસ્ટ્રાર,
ચેરિટી કમિશનરની કચેરી,
ગુજરાત રાજય, અમદાવાદ.

<u>નકલ રવાના :-</u>

(૧) શ્રી વિવેકભાઇ જીતેન્દ્રભાઇ દેસાઇ
રહે. નવજીવન બ્લોક, સ્પોર્ટસ કલબ સામે, એડમીનીસ્ટ્રેટીવ ઓફીસ, નવજીવન, અમદાવાદ

(૨) શ્રી આઇ.આઇ.વ્હોરા, વકીલશ્રી
અમદાવાદ

CamScanner